

# દુનિયાના પીરિયડ્સ અંગેના રિવાજ સાંભળી રહી જશો દંગ

પીરિયડ્સ એટલે કે માસિક ધર્મ સામાન્ય રીતે છોકરીને 11-13 વર્ષની ઉંમરે શરૂ થઈ જાય છે પરંતુ આજકાલ લાઈફસ્ટાઈલ અને ખાનપાનમાં બદલાવને કારણે ઘણાંને 10 વર્ષની ઉંમરે પણ શરૂ થઈ જાય છે. પીરિયડ્સ એક નેચરલ પ્રોસેસ છે. એને મેચ્યોરિટી સાથે જોડવામાં આવે છે. એનો અર્થ છે કે છોકરીની હવે મહિલા બનવાની સફર શરૂ થઈ ગઈ છે પરંતુ આજે પણ દેશનાં ઘણાં શહેરો, ગ્રામીણ વિસ્તારમાં પીરિયડ્સને ટેબુ માનવામાં આવે છે. એના વિશે લોકો નિખાલસતાથી વાત નથી કરતાં, પીરિયડ્સની વાત થતાં મૌન થઈ જાય છે. છોકરીઓને પણ કહેવામાં આવે છે કે આ વિશે કોઈને કંઈ પણ ન કહે. ચૂપચાપ દર્દ સહન કરતી રહે. છોકરીને અછૂત માનવામાં આવે છે પરંતુ ભારતમાં ઘણાં રાજ્યો અને દુનિયામાં એવા પણ કેટલાક દેશો છે જ્યાં પીરિયડ્સને સેલિબ્રેટ કરવામાં આવે છે, ઘરમાં જ્યારે કોઈ એક છોકરીને પહેલી વાર માસિકધર્મ આવે છે તો લોકો ઉદાસ થતાં નથી પરંતુ એને સેલિબ્રેટ કરે છે. એને એક ખૂબસૂરત પળ બનાવે છે.

આપણા દેશની જ વાત કરીએ તો દક્ષિણ અને ઉત્તર પૂર્વ ભારતમાં જ્યારે છોકરીને પહેલી વાર પીરિયડ્સ આવે છે ત્યારે સમારંભ આયોજીત થતાં હોવાનું વધારે જોવા મળે છે. આ દરમિયાન બધાં સગાંવહાલાં ભેગાં થાય છે, પાર્ટી આપવામાં આવે છે, છોકરીને સારી રીતે તૈયાર કરી ગિફ્ટસ આપવામાં આવે છે. આવો જાણીએ પીરિયડ્સ સંબંધિત કેટલાક રીતરિવાજો....



## ક્યાં ક્યાં પહેલા પીરિયડ્સનો ઉત્સવ મનાવવામાં આવે છે?

### કર્ણાટક :

કર્ણાટકમાં જ્યારે કોઈ છોકરીને પહેલી વાર પીરિયડ્સ આવે છે તો એ વાતનો જશ્ન મનાવવામાં આવે છે. આ પ્રથાને 'ઋતુશુદ્ધિ' કે 'ઋતુકળા સંસ્કાર' કહેવામાં આવે છે. ઋતુશુદ્ધિમાં છોકરીઓ પહેલી વાર સાડી પહેરે છે. જે દર્શાવે છે કે યૌવનાવસ્થા શરૂ થઈ ગઈ છે. એનો અર્થ છે કે મહિલા શારીરિક અને માનસિક રીતે પરિપક્વ થઈ ગઈ છે.

ઋતુશુદ્ધિ રીતિરિવાજમાં હાફ સાડી ફંક્શન હોય છે. જેમાં છોકરી પહેલી વાર હાફ સાડી પહેરે છે. છોકરીએ લગ્ન સુધી હાફ સાડી જ પહેરવી પડે છે. પહેલાંના સમયમાં ઋતુશુદ્ધિ રિવાજ મુજબ યુવતીઓને પીરિયડ્સ સંબંધિત બાબતોની જાણકારી આપવામાં આવતી હતી જેથી આગળ જતાં કોઈ સમસ્યા ન ઉદભવે.

### આસામ :

આસામમાં જ્યારે છોકરીને પહેલી વાર પીરિયડ્સ આવે છે ત્યારે 'તુલોનિયા બિયા' નામનો તહેવાર ઉજવવામાં આવે છે. આ તહેવાર લગ્ન જેવો જ હોય છે. આ પ્રથામાં છોકરીને ઘણા પ્રકારનાં કામો કરવાની મનાઈ હોય છે અને એક રૂમમાં જ રહેવાનું હોય છે. 'તુલોનિયા બિયા'માં છોકરીને સાત દિવસ સુધી અલગ જગ્યાએ રાખવામાં આવે છે કારણ કે આ સમસ્યા દરમ્યાન સૂર્ય, ચંદ્ર અને તારાઓ જોવા અશુભ માનવામાં આવે છે. સાત દિવસ પછી છોકરીને તૈયાર કરવામાં આવે છે અને કેળાના છોડ સાથે છોકરીના લગ્ન કરવામાં આવે છે. આ સમારોહમાં સગાંસંબંધી આવે છે અને છોકરીને ઘણી ભેટ આપે છે.

### બ્રાઝિલ :

અહીંની પરંપરા એકદમ અલગ અને હેરાન કરનારી છે. અહીં જ્યારે છોકરીને પહેલી વાર માસિક આવે છે ત્યારે પરિવારજનો સગાંવહાલાં, પાડોશી, મિત્રોને ખુશખબરી આપે છે. પરિવારના પુરુષો પણ આ પળને ખૂબ એન્જોય કરે છે. એમ માનવામાં આવે છે કે આ યુવતીની જિંદગીનું નવું ચેપ્ટર અને પડાવ છે. એને બધાં મળી યાદગાર બનાવે છે.

### તમિલનાડુ :

તમિલનાડુમાં છોકરીના પહેલા પીરિયડ પર 'મંજલ નિરાતુ વિઝા' તહેવાર ઉજવવામાં આવે છે. એમાં બધાં સગાંવહાલાંને કાર્ડ મોકલવામાં આવે છે. આ રિવાજમાં છોકરીને નારિયેળ, આંબા અને લીમડાનાં પાનમાંથી બનાવેલી ઝૂંપડી કે કુદિસાઈમાં રાખવામાં આવે છે. આ ઝૂંપડીમાં સ્વાદિષ્ટ પકવાનથી માંડી ઘણો આહાર રાખવામાં આવે છે. છોકરીને હળદરના પાણીથી નવડાવી સિલ્કની સાડી અને જ્વેલરી પહેરાવવામાં આવે છે. 'પુણ્ય ધનમ'થી તહેવાર પૂરો થાય છે. સામાન્ય રીતે એ નવમા, અગિયારમા કે પંદરમા દિવસે કરવામાં આવે છે. ત્યાર બાદ ઝૂંપડી હટાવી દેવામાં આવે છે અને પંડિત ઘરને શુદ્ધ કરે છે.



### આંધ્રપ્રદેશ :

આંધ્રપ્રદેશમાં છોકરીને જ્યારે પહેલી વાર પીરિયડ્સ આવે છે ત્યારે એક સમારંભ કરવામાં આવે છે જેને 'પેડમનિષી' કહેવામાં આવે છે. આ સમારોહ પીરિયડ્સના પહેલા, પાંચમા અને છેલ્લા દિવસે ઉજવવામાં આવે છે. પહેલા દિવસે 'મંગલ સ્નાન' કરાવવામાં આવે છે. 'મંગલસ્નાન'માં પાંચ મહિલાઓ છોકરીને સ્નાન કરાવે છે જેમાં છોકરીની માતા હોતી નથી. પીરિયડ્સ દરમ્યાન છોકરીને જુદા રૂમમાં રાખવામાં આવે છે અને એને કશે પણ આવવાજવાની મનાઈ હોય છે. આ તહેવાર જેટલા દિવસ ચાલે છે એ દરમ્યાન છોકરીના ખાવાનાથી માંડી ગાદલા સુધીની બધી વસ્તુ અલગ રાખવામાં આવે છે. છેલ્લા દિવસે છોકરીને સુખડનો લેપ કરવામાં આવે છે. છોકરીના કાકા છોકરીને સાડી અને જ્વેલરી આપે છે.

### આફ્રિકા :

આફ્રિકાની કેટલીક ટ્રાયબલ કોમ્યુનિટીઝમાં પહેલી વાર પીરિયડ્સમાં આવતી છોકરીને સ્પેશ્યલ ડાન્સ સેરિમનીમાં લઈ જાય છે. અહીં બધાં ડાન્સ કરી એ વ્યક્ત કરે છે કે છોકરી હવે મોટી થઈ ગઈ છે અને નારીત્વ તરફ આગળ વધી રહી છે અને તેનું શાનદાર રીતે સ્વાગત કરવામાં આવે છે.આજકાલ ભારતમાં પણ ઘણા પરિવાર તેને સેલિબ્રેશન તરીકે અપનાવવા લાગ્યા છે. સોશ્યલ મીડિયા પર આવાં પેરન્ટસની કહાની વાયરલ થતી રહે છે જે પોતાની દીકરીના પહેલા પીરિયડ્સને કેક અને ગિફ્ટસ સાથે સેલિબ્રેટ કરે છે. જેથી આ પળ ડરને બદલે ખુશી સાથે જોડાયેલી રહે.

### ઇટલી :

ઈટલીમાં જ્યારે કોઈ છોકરીને પહેલી વાર પીરિયડ્સ આવે છે તો એને એના બાળપણથી યુવાવસ્થા તરફ આગળ વધવાનો ખૂબસૂરત મોડ માનવામાં આવે છે. પરિવારજનો એને યંગ લેડી એટલે કે સિગ્નોરા કહીં અભિનંદન આપે છે. ઘણાં ઘરોમાં એને એક નાના સમારંભ તરીકે ઉજવવામાં આવે છે. આ પરંપરા માત્ર છોકરી જ નહિ પરંતુ આખા કુટુંબ માટે મહત્ત્વ રાખે છે.

### ફિલિપાઈન્સ :

ફિલિપાઈન્સમાં પરંપરા કેટલીક હદે અજીબ અને દિલચસ્પ બંને છે. અહીં જ્યારે કોઈ છોકરી પહેલી વાર પીરિયડ્સમાં આવે છે તો એની માતા દીકરીના અન્ડરવેર ધોઈ એ પાણી છોકરીના ચહેરા પર લગાડે છે. અહીંના લોકોની માન્યતા છે કે એ લગાડવાથી ખીલ, એકને જેવી સ્કિન સંબંધિત તકલીફો થતી નથી. સ્કિન સ્વચ્છ રહે છે. આ ઉપરાંત છોકરીનાં ત્રણ પગથિયાં કૂદવાની રસમ પણ નિભાવાય છે. એનો મતલબ છે ત્રણ દિવસ સુધી એ અવસ્થામાં રહેશે. ઘર - પરિવાર, સંબંધી, મિત્રો એકબીજાને શુભેચ્છા આપે છે.

### જાપાન :

જાપાનમાં કોઈ છોકરી પહેલી વાર પીરિયડ્સમાં આવે છે તો ઘરનાં લોકો ખાસ રીતે સેલિબ્રેટ કરે છે. આ દરમ્યાન ખાસ વાનગી 'રેડ બીન રાઈસ' બનાવવામાં આવે છે. એને સદભાગ્ય અને ખુશીનું પ્રતીક માનવામાં આવે છે. બધાં કુટુંબીજનો સાથે બેસી ખાય છે. આ રીતે સેલિબ્રેટ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હોય છે કે બેટીને કોઈ પણ પ્રકારનું દુઃખ, ડર કે સ્ટ્રેસ ન હોય અને એ પીરિયડ્સને નોર્મલ માની ખુશી અનુભવે.

